CC/8809/2007 ORDER

Registration No.: CC/8809/2007
Filing No.: CC/8809/2007
Filed On: 12/03/2007
Registered On : 12/03/2007

**IN THE CIVIL COURT AT AHMEDABAD**

**CRIMINAL CASE NO. 8809 OF 2007.**

CC/8809/2007

**Complainant :**

**1.** IDBI BANK
11 12, FLOOR, SATYA COMPLEX, OPP,IOC
PETROL PUMP, SATELLITE . AHMEDABAD
Ahmeabad

**VERSUS**

**Accused :**

1. MR.ABHAY NARENDRABHAI KASHYAP
C/380,ABHISHEKH FLATS, APEKSHA CROSSING ,
GOTRI ROAD, BARODA

Appearance:
P M DAVE For Complainant 1
No Advocate For Accused

---

**ક્રિ.કેસ નં.૮૮૦૯/૨૦૦૭ના કામે આંક–૬૯ ની આરોપીની જામીન અરજી લગતનો હુકમ**

**૧.** આ કામના આરોપી અભય નરેન્દ્ર કશ્યપને આ કોર્ટના વોરંટ આધારે તા.૧૪/૧૧/૨૦૧૪ ના રોજ કલાક ૧૫–૦૦ વાગે ગોત્રી પોલીસ સ્ટેશન વડોદરા શહેરના બજવણી પોલીસ અધિકારી દ્વારા પકડીને રજૂ કરવામાં આવતાં તેઓને જયુડીશીયલ કસ્ટડીમાં સંભાળવામાં આવેલ. બાદમાં આરોપીએ આ ગુનાના કામે જામીન ઉપર મુકત કરવા હાલની આ

અરજી આંક–૬૯ વાળી વકીલ મારફતે રજૂ કરી છે, જે જામીન અરજી આજરોજ સુનાવણી માટે રાખવામાં આવેલી. આરોપીને પણ જયુડીશીયલ કસ્ટડીમાંથી હાજર રાખવામાં આવ્યો છે, આરોપીના મૂળ વકીલ અંગત કારણોસર હાજર રહી શકયા નથી, પરંતુ જુનિયર એડવોકેટશ્રી હાજર છે અને તેઓની તથા ખુદ આરોપીની રજૂઆત, રજૂ થયેલ જામીન અરજી સંબંધે સાંભળી. ફરીયાદી પક્ષ તથા તેના વકીલ શ્રી હાજર નથી.

૨. આરોપી તરફે જામીન અરજીની સુનાવણીમાં રજુઆત કરતાં જણાવવામાં આવ્યું છે કે, તે નિર્દોષ છે, ખોટી રીતે ગુનામાં સંડોવી દીધેલ છે, આરોપી કુટુંબ કબીલાવાળા માણસ છે, તેના ઉપર તેના પરિવારની જવાબદારી છે, આરોપીને જામીન ઉપર મુકત કરવામાં ના આવે તો તેના કુટુંબનો તે એક માત્ર કમાનાર ઈસમ હોય આડકતરી રીતે આરોપીના પરિવારને પણ મુશ્કેલીમાં મુકાવું પડે તેવી દયનીય સ્થિતિ ઉભી થાય તેમ છે, આરોપી વડોદરાના સ્થાયી ઈસમ છે, કયાંય નાશી ભાગી જાય તેમ નથી, ટયુશન કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે, તેમને બે દીકરીઓ છે, પરિવારની પુરેપુરી જવાબદારી એક માત્ર તેમની ઉપર છે, આરોપી સામે જે ગુનાની ફરીયાદ કરવામાં આવી છે તે ફરીયાદ જામીનલાયક ગુના અંગેની છે. આરોપીની કંગાળ આર્થિક સ્થિતિના કારણોસર તે ફરીયાદી બેન્કની રકમ સમયસર ચૂકવી શકયા નથી અને સમયસર કોર્ટમાં હાજર રહી શકેલ નહી, હવે પછીથી નિયમિત હાજર રહેવાની ખાતરી આપે છે અને નામદાર અદાલત ફરમાવે તેવા જામીન આપવા અને ફરમાવે તેવી શરતો પાળવા તૈયાર અને ખુશી છે, જેથી જામીન ઉપર મુકત કરવા વિનંતી કરી છે.

૩. કેસનું રેકર્ડ વંચાણે લીધું. બચાવ પક્ષની રજૂઆત સાંભળી, ફરીયાદી પક્ષ તથા તેના વકીલ શ્રી હાજર નથી, આરોપી સામે ધી નેગોસીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧ ૩૮ મુજબનો સમન્સ/સમરી ટ્રાયલ ગુનો છે, અગાઉ આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવેલો, પરંતુ તેની કન્ડીશનને બ્રીચ થતાં પુન: તેની સામે વોરંટ ઈસ્યુ કરી વોરંટની બજવણી કરી કસ્ટડીમાં લેવામાં આવ્યો છે. આરોપી સામેના ગુનાનું સ્વરૂપ ધ્યાને લેતાં અને સજાની જોગવાઈ વિગેરે લક્ષમાં લેતાં તથા આરોપીના ખાસ કૌટુંબિક સંજોગો લક્ષમાં લેતાં આરોપીને મુદ્દતે નિયમિત હાજર રહેવાની તાકીદ સાથે જામીન ઉપર મુકત કરવાથી ન્યાયનો હેતુ જળવાશે તેવા નિર્ણય ઉપર આવું છું અને આરોપીને જામીન ઉપર મુકત કરવા હુકમ નીચે મુજબ હુકમ કરુ છું.

**:– હુ ક મ –:**

આ કામના આરોપી રૂ.૧૦,૦૦૦/– ના જામીન અને તેટલી જ રકમના મુચરકા રજૂ કરે અને તેઓને મુદ્દતે નિયમિત રીતે હાજર રહેવાની શરતે જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ મુજબ જેલરશ્રી તરફે જામીન રજૂ થયેથી યાદી કરવી.

આજ તા.૧૭મી માહે નવેમ્બર સને ૨૦૧૪ના રોજ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.
તા. ૧૭ /૧૧ /૨૦૧૪

(બીપીનચંદ્ર જી. જોષી)
યુ.આઇ.સી.નં.જી.જે.૦૦૫૧૭
એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
સી.બી.આઇ. કોર્ટ નંબર–૧,
અમદાવાદ ( □□□□મ્ચ)

મીરઝાપુર.
(શ્રીમતિ એ.એચ. માણેકિયા)
પી.એ.